# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-*suratdeo@gmail.com*

જા.નં./બોર્ડ/૨૦૨૪/ ૫૪૧૨ 	તા.૧૬/૦૫/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(વિજ્ઞાન પ્રવાહ) તમામ,
સુરત, જિ. સુરત.

**<u>વિષય</u>**: માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાની માર્કશીટ/પ્રામાણપત્ર/S.R. તેમજ ગુજકેટ-૨૦૨૪ની માર્કશીટ અને S.R. ના વિતરણ બાબત.

<u>સંદર્ભ</u>: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧૫/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક: મઉમશબ/ક/પરિ/વિ.પ્ર./૨૦૨૪/૩૧૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ના ઉક્ત સંદર્ભ પત્ર અન્વયે માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાની માર્કશીટ/પ્રામાણપત્ર/S.R. તેમજ ગુજકેટ-૨૦૨૪ની માર્કશીટ અને S.R. અત્રેથી મેળવવા માટે આપની શાળાના જાણકાર કર્મચારીને ઓથોરીટી પત્ર સાથે **<u>તા.૧૬/૦૫/૨૦૨૪ના રોજ, સવારે ૧૦:૩૦ થી ૧૩:૦૦કલાક સુધીમાં, ટી. એન્ડ ટી. વી. હાઇસ્કૂલ, નાનપુરા ખાતે</u>** વિતરણ કેમ્પમાં ઉપસ્થિત રાખવા જણાવવામાં આવે છે.

ઉક્ત સંદર્ભ પત્રની સૂચના અનુસાર તા. ૧૭/૦૫/૨૦૨૪ સુધીમાં દરેક વિદ્યાર્થી સુધી પોતાની માર્કશીટ પહોચાડવાની હોય, સદર બાબતે **ઉપર મુજબના સ્થળ, સમય અને તારીખે અચૂક ઉપસ્થિત રહી આપની શાળાનું સાહિત્ય મેળવી લેવાનું રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

ક્રમાંક/મઉમશબ/ક/પરિ./વિ.પ્ર./૨૦૨૪/૩૧૫૫
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૫/૦૫/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

વિષય – ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ ગુજકેટ-૨૦૨૪ ની માર્કશીટ અને S.R. ના વિતરણની વ્યવસ્થા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૪, ધોરણ-૧૨, વિજ્ઞાન પ્રવાહ તેમજ ગુજકેટ-૨૦૨૪ પરીક્ષાનું પરિણામ **તા.૦૯/૦૫/૨૦૨૪, ગુરૂવારના** રોજ ઓનલાઇન પ્રસિદ્ધ થયેલ છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/ S.R. તેમજ ગુજકેટ-૨૦૨૪ની માર્કશીટ અને S.R. લઈ આપના જિલ્લાની કચેરી ખાતે **તા.૧૫/૦૫/૨૦૨૪** ને **બુધવારના** રોજ બોર્ડ પ્રતિનિધિ આવનાર છે. તો પરિણામ સ્વીકારી, સલામત સ્થળે ઉતારવા વ્યવસ્થા કરશો અને **તા.૧૬/૦૫/૨૦૨૪** ના રોજ **૧૦:૦૦ થી ૧૬:૦૦ કલાક** દરમિયાન આપના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની નોંધાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિતરણ કરાવવા અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવશો. ઉક્ત તમામ સાહિત્યનું વિતરણ શાળાઓ દ્વારા ઉમેદવારોને **તા.૧૭/૦૫/૨૦૨૪** ના રોજ થઈ જ જાય તેની કાળજી લેશો અને શાળાઓને પરિણામ વિતરણ થઈ ગયા બાદ તે અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીના **E-MAIL ID – gsebhscscience@gmail.com** પર **PDF** ફોર્મેટમાં મોકલી આપશો. પ્રમાણપત્રનો નમૂનો આ સાથે સામેલ છે. પરિણામ વિતરણ બાદ વિતરણ ન થયેલ ગુણપત્રકો/પ્રમાણપત્રો જેવું વધારાનું સાહિત્ય **દિન-૦૮** સુધીમાં બોર્ડની કચેરીની વિજ્ઞાન પ્રવાહની "ક" શાખામાં પરત કરવા વિનંતી છે.

(જે. એચ. ઝા)
નાયબ નિયામક (વિ.પ્ર. પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**બીડાણ** – પ્રમાણપત્રનો નમૂનો.

e:\kamlesh\viram saheb\parinam vitaran\march_2024\parinam vitaran march_2023.docx